નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ક્યાંક તો સબમીટ હોવું જોઈએ,
આ હૃદય ઓફબીટ હોવું જોઈએ.
એકલું તન હોય એ સારું નથી,
સ્હેજ મન પણ ફીટ હોવું જોઈએ.
કાવ્યનું નિર્માણ લોહીથી થયું,
દોસ્ત ! ચોક્કસ હીટ હોવું જોઈએ.

- સ્નેહલ જોષી

પાથેય

- રમેશ ઠક્કર

મનના મૂડઝ...

ધસમસતા પ્રવાહનો જેમ રોમાંચ હોય છે એ રીતે ક્યારેક નિતરતા જળ જેવી શાંતિ પણ જરૂરી છે..નરી દોડધામ વચ્ચે વિસામા જેવા કોઈ નાના નાના અંતરાલની પણ એક મજા હોય છે..આકાશની માફક મનની પણ વિવિધ છટાઓ હોય છે..વિધવિધ મુડઝ હોય છે..આને પીછેહઠ ના કહેવાય..વિફળતા પણ ના કહી શકાય..આ એક મનઃસ્થિતિ છે જે પ્રલંબ આપણા પ્રયાસોનો એક અનિવાર્ય આયામ ગણી શકાય..

અંગ્રેજીમાં એને 'હાઈબરનેશન' કહે છે..એના માટે કોઈ ચોટદૂક શબ્દ નથી..ઓઝલ થઈ જેવું એવું કદાચ કહી શકાય..પરંતુ આ સ્થિતિ હતાશાના પ્રતિઘોષ જેવી હોય છે..તમારા રોજિંદા જીવનમાં અથવા તમારા શોખમાં રૂકાવટનો જે ભાવ અનુભવાય છે એ જુદી વાત છે..આવો તબક્કો કોઈપણ કલાકાર કે સામાન્ય માણસના જીવનમાં અનિવાર્યપણે આવતો જ રહે છે..એને અતિક્રમી જવાની આવડત પણ જરૂરી છે.જીવવું એક લય છે..રીધમ છે.એમાં એકધારી સુરાવલીઓ ચાલતી નથી..થોડોક થડકાર..ક્યારેક શાંત પળો અને પછી પકડાતો મુળ લય એની પણ એક મજા હોય છે..મુળભુત રીતે અમે રણના માણસ..રણમાં અવિરત ચાલતું ઉંટ એની એકવિધ સફર પછી ક્યારેક બેસી પડે છે. એ ફસકાઈ જતું હોય એવું પણ લાગે...આપણને એમ લાગે કે હવે ખલ્લાસ... એ ચાલી જ નહી શકે..પરંતુ એનો લબડતો હોઠ એના આશાવાદની દિવાદાંડી જેવો હોય છે..એની ખૂંધમાં વોટરટેક હોય છે. એનો એ રીલેક્ષ મૂડ રણને પછી નવી તાજગીથી તરબતર કરી જાય છે.

દરેકને પોતાની એક નોળવેલ હોય છે. હમતનું હોકાયંત્ર હોય છે જે તમને ફરી તમારાં મુળ પદચિન્હો તરફ પાછા લઈ જાય છે. કોઈપણ ચીજ માટેની ઘેલછા ના હોવી જોઈએ..એકધારી ગતિને વિરામનો એક પડાવ ફરી નવો ઉમંગ આપતો હોય છે..ક્યારેક અટકી જવામાં પણ અનોખી મજા અનુભવાય છે..જીવન એટલે જ આમ તો ચડઉતર.

અલબત લખવું વાંચવું કે કોઈપણ શોખ એ નવરાશનો મોહતાજ હોતો નથી...એ તમારો આંતરિક આવિષ્કાર હોય છે...પરંતુ અટકી જવાની આ અકળામણ એ પણ એક મહત્વનો પડાવ હોય છે..વાચન પણ એક ભુખ છે..જે સહજ લાગે એની મજા હોય છે..સતત વાંચવાનો એક અનહદ આનંદ હોય છે..તદ્રુપ અને તન્મય થઈને વાંચવું એ કોઈ સમાધીથી કમ નથી..એકાદ ઉપવાસ કે એકટાણું આપણી બુભુક્ષાને ધાર આપે છે. એટલે જ મબલખ વાચનવૈભવ વચ્ચે ક્યારેક આમ અટકી જવું એ પણ સાત્વિક ઉપવાસ જેવું હોય છે. કોઈને સંગીત ગમે, કોઈકને કોઈ રમત..દરેકને કોઈ ચાહતનો ખૂણો હોય છે..એના વગર જીવતરનો ઓરડો જાણે સૂનો લાગે છે..માણસને જેનો શોખ હોય એ ચીજ અનાયાસ મળતી રહે છે..મારી વાત કરૂં તો મને જયારે કોઈ નવું પુસ્તક મળે છે ત્યારે એક નવો રોમાંચ ઘેરી વળે છે..એના સ્પર્શમાત્રથી હું ઝંકૃત થઈ જતો હોઉં છું..આજુબાજુ આસપાસ નજર કે સામને જિગર કે પાસ...ચોતરફ શ્વસી રહેલાં આસજન જેવાં આ પુસ્તકો ક્યારે મનને લયબધ્ધ કરે એ નકકી નહી....!

કોરોના વૈકલ્પિક આજીવિકા શોધી લેવા મજબૂર કરશે

તંત્રીસ્થાનેથી...

તજજ્ઞ પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ સહિત મોટા ભાગના નિષ્ણાતો માને છે કે હવે ત્રીજી લહેર બહુ જ ટૂંકા ગાળામાં એના સર્વોચ્ચ શિખરે પહોંચી જશે. બીજી લહેર કરતાં પાંચ ગણી ઝડપે ફેલાઈ રહેલું સંક્રમણ આગામી અઠવાડિયાં દરમિયાન અને માર્ચ સુધીમાં ફરી પાછા ખાટલા ખુટાડી દે તો નવાઈ નહીં લાગવી જોઈએ. 'મોડસ ઓપરેન્ટી' એટલે કે ચાઈનીઝ વાઈરસની ફેલાવાની રીત અગાઉ જેવી જ છે. એ વિદેશમાં શરૂ થાય છે, ધીરે ધીરે ભારત સિવાયનાં સમૃદ્ધ રાષ્ટ્રોની મહેમાનગતિ માણે છે અને છેલ્લે ભારતમાં વિસામો લે છે. ચાઈનીજ વાઈરસને અમરત્વનું વરદાન મળેલું છે. રાવણનાં માથાં એક પછી એક ઉડાડી દેનારા ભગવાન રામ પણ થાકી ગયા પરંતુ કપાયેલા માથાં ફરી ફરીને સ્વસ્થાને ગોઠવાતાં રહ્યાં. આખરે અમીકૂંપો એની નાભિમાં હોવાનો ફોડ પાડવામાં આવ્યો ત્યારે એ ધરાશાયી થયો. ચાઈનીઝ વાઈયરસ એવી જ રાક્ષસી માયા છે. એનાથી ચેતીને ચાલવાની જરૂર છે. હાલ તો એની નાભિમાં બાણ તરીકે આપણી પાસે ફક્ત વેક્સીનેશનનું જ હથિયાર છે. દવાઓ શોધાઈ રહી છે પણ બજારમાં મુકાય ત્યારે ખરી. કોરોનાએ દુનિયાને જીવનની સાચી મહત્તા બતાવી દીધી છે. સંપત્તિ અને પ્રતિષ્ઠા કરતાં જિંદગી વધુ મહત્ત્વની છે. એને બચાવવા માટે બાકીનું બધું જ છોડવું પડે તોય શું ! રૉકેટ ગતિએ કોરોના સંક્રમણમાં આવેલા ઉછાળા પાછળ એનું ઓમિક્રોન મ્યુટેશન જવાબદાર હોવાનું તારણ નીકળ્યું છે. સદ્‌ભાગ્યે આ નવું સ્વરુપ ડેલ્ટા વેરિયંટ જેટલું ઘાતક નથી, જે આપણા માટે આશ્વાસનની બાબત છે. એનાં 'ચરિતર' હજી પૂરેપૂરાં સામે નથી આવ્યા એટલે એને અવગણી નાખવું પમ બરાબર નહીં જ ગણાય. હજી વધુ મ્યુટેશનો થઈ શકે છે અને તે માનવીના ફેફસાંને ખતમ કરી શકે છે. પરંતુ એ રોકવા માટે આપણી પાસે નિરંતર વેક્સીનેશનના ડોઝ અને કોરોના પ્રોટોકોલના ચુસ્ત પાલન સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. ગુજરાત સરકારે ગ્લોબલ સમિટ સહિતના 'મહોત્સવો' રદ કરીને એક સ્તુત્ય પ્રયાસ કર્યો છે. ખોડલધામના સંવાહકો પણ એવો જ નિર્ણય લઈ રહ્યા છે. ઉમિયા કે ખોડલને એનાં સંતાનોની મોંકાણ મંડાય એ તે થોડું ગમે ? વળી આ બધા જ્ઞાતિવાદી મહોત્સવોના મૂળમાં તો સત્તાલક્ષી રાજકારણ પડેલું છે. રાજકારણીઓમાં કાશી વિશ્વનાથના પુનરુદ્ધારની ખુશી મનાવવા અમદાવાદમાં સંત સંમેલન યોજીને કોરોનાને માટે લાલ જાજમ પાથરી શકે છે. મંત્રી સહિત કેટલાક સચિવો અને નેતાઓ સંક્રમિત થયા પછી સરકાર જાગી છે. અંગ્રેજીમાં એક રૂઢ પ્રયોગ છે : 'ઈટ ઈઝ નેવર ટૂ લેટ ટુ મેન્ડ' - અર્થાત્ કોઈ પણ ભૂલ સુધારી લેવા માટે ક્યારેય બહુ જ મોડું થઈ જતું નથી. હવે પછી આવી રહી છે લગ્નની મોસમ. આ બધી બાબતોમાં પટેલ સરકાર ખૂબ જ 'પ્રેક્ટિકલ' બની છે. ચારસોની છૂટ કોઈ ઓછી છૂટ નથી. સ્મશાનમાં ૧૦૦ થી વધુની જરૂર જ ક્યાં હોય છે? અર્થાત્ આ આંકડા તો નોર્મલ છે. પરંતુ ખરું સંક્રમણ રાજકીય કાર્યક્રમોમાં થતી ભીડ અને સંતો-કથાકારોની પાછળ 'મોક્ષ' માટે વળતાં ટોળાંથી જ ફેલાય છે. શાકભાજી - ફળો કે ટિફિન સર્વિસ અને હોટેલ-રેસ્ટોરંટ બંધ કરવા જતાં અરાજકતા સરજાય એમ છે. એ તમામને કોરોના પ્રોટોકોલ મુજબ વર્તવાનું શીખવવું પડે. કોરોના સાથે જ જીવવાનું છે અને કદાચ કોરોના સાથે જ મરવાનું છે એવી એક સાદી સમજણ દરેકના મગજમાં ઊતરે તો શાળાઓ પણ ચાલુ કરી શકાશે. હાલ નાનાં બાળકો પૂરતી ઓનલાઈન વ્યવસ્થા કરવી જરૂરી છે. મોટા બાળકોનું રસીકરણ શરૂ થયું છે એમ નાના બાળકોને પણ સુરક્ષા ઢાલ ઉપલબ્ધ થવી જોઈએ. ટૂરિઝમનો ઉદ્યોગ જરૂર તૂટી પડવાનો છે પણ એનો વિકલ્પ નથી. કોરોનાએ લોકોને વૈકલ્પિક આજીવિકા શોધવા મજબૂર કરી દીધા છે. રાજકારણીઓ હવે એની આમન્યા નથી પાળતા એ મોટી વિડંબના છે.

સ્પર્ધકની સમજ સફળતા માટે જરૂરી બને છે !

આરપાર
રાઘવજી માધડ

સવારના પહોરમાં બે યુવતીઓએ ઘર આગળ આવીને પૂછ્યું:'મકાન ભાડે મળશે !લ્લના પાડી.પણ લગભગ દરરોજ આવું બને છે.સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ગાંધીનગર હબ બની ગયું છે. તેથી દૂર દૂર ગામ,શહેરોમાંથી ઘણાં યંગસ્ટર્સ અહીં મકાન ભાડે રાખીને રહે છે ને પોતાનું ભાવિ અજમાવે છે !

આજે ઘણાં ક્ષેત્રમાં ગળાકાપ સ્પર્ધા, હરીફાઈ ચાલે છે.દરેકને જીત મેળવી આગળ નીકળી જવું છે. સ્પર્ધામાં મારી,પછાડી દેવાનું હોતું નથી.પણ તેમાં કોઈની લીટી ભૂંસવાના બદલે પોતાની લીટી મોટી કર વાની હોય છે. આટલું સૌને સ્વીકાર્ય બનેતો વાલી અને વિદ્યાર્થીઓને આ તાણ, તણાવમાંથી મુક્તિ મળે !

જિંદગી ડગલે ને પગલે માણસની કસોટી લેતી હોય છે.તેમાં ક્યારેક એક રીત ખોટીને જિંદગીનો આખો દાખલો ખોટો પડે! હાલના સંજોગોમાં પ્રગતિનો પંથ સ્પર્ધાની છાતી પરથી પસાર થઈ રહ્યો છે. નોકરી માટેની પરીક્ષાને લાગેવળગે છે ત્યાં, જિંદગીના ઘણાં પ્રશ્નો કોર્ષ બહારના હોય છે છતાંય સમજીને અપેક્ષિત જવાબ આપી આગળ વધવાનું હોય છે.તકતો માત્ર બારણું ખખડાવે, દ્વારતો વ્યક્તિએ જાતે ખોલવા પડે !

બે પરીક્ષાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કરતા હતા.એકનું કહેવું હતું: 'એક પ્રશ્ન અટપટો,ન સમજાય એવો હતો.' પછી કહે : 'આવા પ્રશ્નો પૂછવા ન જોઈએ.' હા, એવું થાય કે પ્રશ્નો તો સમજાય એવા પૂછવા જોઈએ.

પણ આ કાર્યના વરસોના અનુભવે ખબર પડી છે, ઘણાં પરીક્ષાર્થીઓ પ્રશ્નને પૂરો સમજવાનો પ્રયાસ કરતા નથી.અને કાંઈક જુદો,ભળતો જવાબ લખી નાખે છે.પછી ફરિયાદ કરે,પેપર તપાસનારા બરાબર નથી. મેં ઘણું લખ્યું હતું છતાંય ઓછા ગુણ આપ્યા.પણ પ્રશ્ન શું હતો અને તમે જવાબ શું આપ્યો છે? ગુણ આપવા માટેતો પેપરમાં લખ્યો હોયતે જવાબજ અગત્યનો ગણાય. તેથી કોઈ પરીક્ષકને દોષ દેવાના બદલે સમજી, વિચારી પેપરમાં જગ્યાની મર્યાદામાં મુદ્દાસર ને સુવાચ્ય જવાબ લખો, જે યોગ્ય ગુણપાત્ર બને.

ઘણાં સ્પર્ધકના લખાણમાં એવું જોવા મળે,પ્રશ્ન પૂછાયો હોય તેના મૂળ જવાબના બદલે, પોતાને જે આવડતું હોયતે લખી નાખે ! આપણા પાસે હોય તે નહી,પણ માગ્યું હોય તે આપવાનું છે ! વળી કોઈતો અદ્ધકચરું આવડતું હોય તે છૂપાવવા લખવામાં ગડબડ ગોટો ને પ્રભુ મોટો એવું કરી નાખે...પણ પરીક્ષકે આખરી ગુણ આપતા પૂર્વે લેખન-અભિવ્યક્તિને પણ નજરમાં લેવાની હોય છે. જવાબમાં ઈલેકશન નહીં પણ સિલેકશન કરવાનું છે. એક ભાવિ અધિકારી થવાની અપેક્ષાએ જવાબ જોવાના હોય છે.

-પ્રશ્ન જ સંદિગ્ધ હતો.સમજાય એવો જ નહોતો...આવું કહેનારા ખોટા હોતા નથી. પણ દરેક પ્રશ્નનો પોતીકો અર્થને સંદર્ભ હોય છે.ઘણાં પ્રશ્નો સ્પર્ધકની સમજ ચકાસવા માટે હોય.સ્પર્ધક ખરેખર શું સમજ્યો છે,તે જોવા માટે હોય.પ્રશ્નની સંરચનાના પાયામાં જ્ઞાન,સમજ,કૌશલ અને ઉપયોજન તપાસવાનું રહેલું હોય છે.ક્યારેક જવાબ સહેલો હોય પણ પ્રશ્ન બનાવવો એટલો જ અઘરો હોય.તેથી પ્રશ્નનો જવાબ લખતા પૂર્વે પ્રશ્ન પૂર્ણ સમજવો જરૂરી છે.જવાબમાં અસત્યના પાનાંઓ કરતા સત્યનો ફકરો અગત્યનો હોય.

માણસને ચકાસવો કે સમજવો ખુદ માણસ માટે પણ કોઈ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી જે તે નોકરીની જગ્યા પર,અઠ્ઠાવન વરસ સુધી કામ કરવાનો, સેવા આપવાનો છે તે ખાસ જોવું પડે છે.

મૂળ સવાલતો નાગના જેમ ફેણ ડોલાવતો સામે બેઠો છે:વાંચ્યું હતું તે પૂછાયું નહીં અને જે પૂછાયું તે વાંચવામાં આવ્યું નહોતું... લ્યો આપો આનો જવાબ ! હા, જવાબ અઘરો જરૂર છે પણ અશક્ય નથી.

વ્યક્તિનું વિશાળ વાંચન તેને સમજની એક કક્ષા સુધી લઈ જાય છે.આ સમજ જો વિકસી હોય તો તે સાચો, મૌલિક જવાબ આપી શકે. જવાબમાં સમજ સફળતા સુધી લઈ જતી હોય છે.

છેલ્લે:

જેઓથી ક્યારેય પેપર લીક થયું નથી તેઓને ફરજિયાત 'નિષ્ઠા'ની તાલીમ આપવામાં આવે છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

દિન મહિમા

● પ્રવાસી ભારતીય દિવસ
૯ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી મુંબઈ પરત ફર્યાની યાદમાં ઊજવવામાં આવે છે.

આજનું

ઔષધ

● ૧૫-૨૦ ગ્રામ મેથી રોજ ફાકી જવાથી વા મટે છે.

ખડખડાટ

● જરૂરી નથી કે કોઈ તમારી જીંદગીમાં આવે તો જ ખુશી મળે....
અમુક અમુક પનોતી તમારી જીંદગીમાંથી વયા જાય તોય જીંદગી જન્નત થઈ જાય...

આજનો

વોટ્સએપ

● સ્વભાવ શૂન્ય જેવો રાખવો... ભલેને કોઈ આપણને ગણતરીમાં ન લે, પણ જેની બાજુમાં ઊભા હોઈએ એની કિંમત વધી જવી જોઈએ.

જિંદગીમાં મોટી સફળતા મેળવવી છે ? તો જોખમ ખેડો

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આમ જોઈએ તો આ સંસારમાં પ્રત્યેક માણસની જિંદગી અનેક પ્રકારના જોખમોથી ભરેલી છે. અહીં આપણને સૌને ડગલે ને પગલે અનેક પ્રકારના જોખમો છે. પરંતુ એના પ્રત્યે આપણે ધ્યાન નથી આપતા કે એ જોખમો વિશે જાણતા નથી એટલે બેધ્યાન છીએ. આપણે સૌ પૃથ્વી ઉપર રહીએ છીએ અને આખી પૃથ્વી અંતરિક્ષમાં લાખો કિલોમીટરની ઝડપે સૂર્યની આસપાસ અને પોતાની ધરી ઉપર ફરી રહી છે. આ ગતિ અચાનક અંતરિક્ષની કોઈ દૂર્ઘટના સંદર્ભે અટકી જાય તો ? આપણે જે શ્વાસ લઈએ છીએ તે હવામાંના ઓક્સિજનમાં અંતરિક્ષમાંથી આવી કોઈ ઝેરી વાયુ ભળી જાય તો ? સમુદ્ર અચાનક સૂકાઈ જાય તો ? સૂર્ય પૃથ્વીને પોતાના ગર્ભમાં ખેંચી લે તો ? પૃથ્વી સાથે કોઈ ગ્રહ ટકરાય તો ? વરસાદ વરસવો બંધ થઈ જાય તો ? પૃથ્વી ઉપરથી હવા ગાયબ થઈ જાય તો ? આવા અનેક ''તો''માંથી એકાદ ''તો'' સાચો પડી જાય તો ? તો આપણા સૌનો અંત.

મિત્રો, આ થઈ ખગોળીય ઘટનાઓના જોખમોની વાત, જે ગમે ત્યારે થઈ શકે છે. પણ આપણે સામૂહિક રીતે આ બાબતે વિચારતા નથી અથવા આપણને સૌને સંપૂર્ણ શ્રદ્ધા છે કે આવું કશું થશે નહીં. ૨૦૧૨ના ડિસેમ્બરમાં આખી પૃથ્વી ખતમ થઈ જશે એવી આગાહી આવેલી પરંતુ વિશ્વભરના તમામ માનવીઓની સકારાત્મક ઊર્જાએ, શ્રદ્ધાએ, વિશ્વાસે એ આગાહી ખોટી ઠેરવી અને આજે આપણે સૌ ૨૦૧૮માં છીએ.

બીજી રીતે પણ આપણી જિંદગી ઉપર અનેક જોખમો રહેલા છે. જેના પ્રત્યે આપણું ધ્યાન હોતું નથી. આપણે રાત્રે સૂતા અને સવારે ઊઠ્યા જ નહીં તો ? આપણું હૃદય અચાનક ધડકતું બંધ થઈ ગયું તો ? અચાનક આપણી દૃષ્ટિ ચાલી ગઈ તો ? હાથ, પગ, મગજ કામ કરતા બંધ થઈ ગયા તો ? પણ આવું બધું આપણે વિચારતા નથી. એવું ના જ થાય એવી આપણને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. તેથી કશું જ થતું નથી.

મિત્રો, આટલી વાત ઉપરથી કશું સમજાય છે ખરું ? પ્રકૃતિનો નિયમ છે કે આપણે જે ઘટના સંદર્ભે કદી વિચારતા જ નથી તે ઘટના આપણા જીવનમાં બનતી નથી. અથવા જે ઘટના પ્રત્યે આપણને પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે કે આપણે રાત્રે સૂતા પછી સવારે ઉઠવાના જ છીએ. સૂર્ય આથમ્યો છે તો સવારે ફરીથી ઉગવાનો જ છે. વરસાદ વરસવાનો જ છે, હવા આવવાની જ છે, ઓક્સીજન મળવાનો જ છે... અને આ બધું થાય છે. જિંદગીના મોટા મોટા જોખમો સામે આપણી શ્રદ્ધા – વિશ્વાસ અને સકારાત્મકતાનો વિજય થાય છે. આમ છતાંય જીવનની કેટલીક બાબતોમાં આપણે જોખમો ખેડી શકતા નથી હોતા. આપણે સમાજ, દેશ, દુનિયા, પૃથ્વી, ગ્રહો, સૂર્ય, નિહારિકા, ગેલેક્સી... આ બધું જ સકારાત્મક ઊર્જાના બળ અને લયથી ચાલે છે. શાસ્ત્રોમાં જે ૩૩ કરોડ દેવતા ગણાવ્યા છે તે બીજા કોઈ નહીં પણ એ વખતે પૃથ્વી ઉપર ૩૩ કરોડ જીવ હતા. પ્રત્યેક જીવમાં દેવ છે એ રીતે ... પરંતુ જેમ જેમ આપણી અંદર નકારાત્મકતા પ્રવેશતી ગઈ, દૂર્ગુણો પ્રવેશતા ગયા, તેમ તેમ આપણે દેવતામાંથી દૂષ્ટાત્મા થતા ગયા । રાક્ષસ થતા ગયા ।

આજે સૌ કોઈ ને જિંદગીની સૌથી મોટી સમસ્યા હોય તો તે ''આર્થિક સમસ્યા'' છે. જો આપણા સૌની પાસે એક સરસ મજાનું ઘર હોય, દરેક વ્યક્તિ દર મહિને બે ચાર લાખ રૂપિયા કમાતી હોય, તો હું માનું છું કે જીવનની મોટાભાગની સમસ્યાઓ હલ થઈ જાય. દેશ અને દુનિયામાં જે કાંઈ મોટી ઘટનાઓ બને છે તેનું મૂળ '' પૈસો '' જ છે. સંસારના તમામ માણસોની પ્રવૃત્તિઓની પાછળનો હેતુ પણ આર્થિક સમૃદ્ધિ જ હોય છે. ભાગ્યે જ બે ચાર ટકા લોકો હશે જેઓ મનની શાંતિ માટે, ધર્મ કે સેવા માટે કામ કરતા હશે.

મિત્રો, આજે આપણા દેશમાં ભાગ્યે જ કોઈ એવું ઘર હશે જે ઘરમાં એકાદ બે વ્યક્તિને નોકરી-ધંધાની જરૂર નહીં હોય. આજે એક એક ઘરમાં શિક્ષિત યુવાનો – યુવતિઓ નોકરી ધંધો શોધી રહ્યા છે. સરકારી નોકરીની પાંચ સો જગ્યા માટે પાંચ પાંચ લાખ ફોર્મ ભરાય છે અને બધા હજારો-લાખો રૂપિયા ખર્ચીને પરીક્ષાની તૈયારી કરે છે પણ એ બધાને તો સરકાર નોકરી આપી શકવાની નથી. બાકીના સૌ એ કોઈ ને કોઈ વિકલ્પ શોધવો જ પડશે. જેમની પાસે ૨૫/૫૦ લાખ છે તેઓ તો કદાચ નાની મોટી દુકાન બીજો કોઈ બિઝનેશ શરું કરીને બેસી જશે. પણ જેમની પાસે કશુ જ નથી, ખુબ ઊંચું શિક્ષણ હોવા છતાંય કોઈ ખાનગી કંપનીમાં – સ્કૂલમાં, પેઢીમાં, મૉલમાં, દુકાનમાં કે ઓફિસમાં દસ વીસ હજારની નોકરી સ્વીકારીને પોતાના તમામ સપનાઓને મારીને પોતાના પરિવારનું માંડ માંડ પૂરું કરતા હોય છે. આવા લાખો યુવાનો આપણા દેશમાં છે જેમનામાં ઘણા પ્રકારની ટેલેન્ટ પણ હશે. પણ પારિવારિક આર્થિક સ્થિતિને કારણે તેઓ પોતાની ટેલેન્ટને બહાર લાવી શકતા નથી. તેમને એવું કોઈ પ્લેટફોર્મ મળતું હોતું નથી. નહિતર આપણી પાસે ય ઘણા વેદ વ્યાસ, સ્વામી વિવેકાનંદ, સચિન તેંડુલકર, અમિતાભ બચ્ચન, એ.પી.જે. અબ્દુલ કલામ, બીલ ગેટ્સ, નરેન્દ્ર મોદી, ધીરુભાઈ અંબાણીઓ છે. પેટ્રોલ પંપમાં પેટ્રોલ ભરવાની નોકરી કરતા માલિક દ્વારા અપમાન થતા એ નોકરીને ધક્કો મારીને – જીવનમાં અનેક સંઘર્ષો કરીને, જોખમો ખેડીને મહાન ઉદ્યોગપતિ બનનાર ધીરુભાઈ અંબાણી આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પાનપરાગ મસાલાના માલિકની કહાની પણ કંઈક આવી છે. ભગવાન શ્રી રામ હોય કે બુદ્ધ હોય કે શ્રી સ્વામીનારાયણ હોય સૌને ઘર છોડવું પડ્યુ છે. અનેક મુશ્કેલીઓમાંથી પસાર થયા છે. અનેક જોખમો ખેડ્યા છે. પછી અમીર કે મહાન બન્યા છે. દુનિયામાં જેટલા અમીર કે મહાન વ્યક્તિઓ છે તેઓ બધાએ પોતપોતાની જિંદગીમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠી છે, સમાજની તમામ પ્રકારની નેગેટિવિટીનો સામનો કર્યો છે. જોખમો ઊઠાવ્યા છે પણ પોતાના ધ્યેયથી ડગ્યા નથી. પોતાના કામમાંથી, પ્રવૃતિમાંથી વિચલિત થયા નથી. કારણ એમની અડગ શ્રદ્ધા, વિશ્વાસ અને સકારાત્મક ઊર્જા. આજનો યુવાન પોતાની આંતરિક શક્તિ, સ્વસ્થતા, શક્તિ, સંયમ અને શ્રદ્ધા ગુમાવી બેઠો હોય એવું લાગે છે. કેમ કે એ નાના નાના જોખમો ખેડવા પણ તૈયાર નથી તો મોટા જોખમ તો ક્યાંથી ખેડશે ? પરિણામે એનું તમામ પ્રકારનું ઉચ્ચ શિક્ષણ, ટેલેન્ટ કે કલા આર્થિક નબળી પરિસ્થિતિના ભાર હેઠળ દબાઈ જાય છે. અને જેણે આ આર્થિક નબળી પરિસ્થિતિ સામે જંગ કર્યો છે. જોખમો ઉઠાવીને સાહસ કર્યુ છે, મહેનત કરી છે, એને જરૂર સફળતા મળી છે. આવા અનેક લોકોના ઉદાહરણો આ લેખમાં, ઈતિહાસમાં અને ગુગલમાં જોવા મળે છે.

આપણી મોટાભાગે માનસિકતા એવી રહી છે કે જીવનમાં જે કોઈ પરિસ્થિતિ આવે એને નસીબ સમજીને સ્વીકારી લેવી. એની સામે લડવું નહીં. સંતોષનો ગુણ જીવનમાં ખુબ જ સારો છે પરંતુ જો આપણે આપણા બાળકોને સારું શિક્ષણ ના આપી શકીએ, ઘરનો બધો ખર્ચ ગણતરીપૂર્વક કરવો પડે, રોજના બસો – ત્રણ સો કમાવવા માટે દિવસ રાત મહેનત કરવી પડે તો એવો સંતોષ ઘાતક નીવડે છે. આવી પરિસ્થિતિ સ્વીકારીને બેસી જવું એના કરતા થોડું જોખમ ખેડીને એની સામે લડી લેવું સારું. કેમ કે કદાચ નિષ્ફળ ગયા તો ગુમાવવાનું ખુબ ઓછું છે. અને સફળ થયા તો જીવનના તમામ સપનાઓ પણ પુરા થઈ શકે છે. પરંતુ જોખમ અને સાહસના અભાવે આપણો મધ્યમવર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે. આવા લોકો આખો દિવસ રાત સાયકલ, સ્કૂટર કે રિક્શામાં માલ સામાન લઈને દુકાને દુકાને, સોસાયટીઓમાં કે ગામે ગામે ફરીને માલિકને અમીર બનાવતા હોય છે. તો વળી તબિયતને બગાડીને રાતપાળી પણ કરીને માંડ માંડ ૨૦/૨૫ હજાર કમાઈ લેતા હોય છે. પણ આપણી શક્તિ, આ ઊર્જાને બીજી દિશામાં વાળવાનો વિચાર સુદ્ધા આપણે કરતા નથી. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે બધી બાબતોથી નેગેટિવ પણ થઈ જઈએ છીએ. કેમ કે જિંદગીની કડવી થપાટોએ આવા માણસોને સાવ જડ બનાવી દીધા હોય છે. ક્યાંક કોઈએ નબળી આર્થિક સ્થિતિ સામે લડવાનો પ્રયાસ કર્યો હશે અને બે ચાર વખત શક્ય છે કે અસફળતા યે મળી હશે. પરંતુ આ ''અસફળતા'' માં જ સફળતા છૂપાયેલી છે. બસ એમાંથી માત્ર ''અ'' હટાવવાનો છે. જરૂર છે માત્ર હિંમત, સાહસ, શ્રદ્ધા અને ધીરજ રાખીને નવી સ્થિતિનું નિર્માણ કરવાની, યોગ્ય મહેનત કરવાની. બાકી આપણી જિંદગી ડગલે ને પગલે જોખમોથી ભરેલી છે. ઘરની અંદર હોઈએ કે ઘરની બહાર, પ્રત્યેક ક્ષણે આપણી ઉપર જોખમ હોય છે. પણ આપણને કશું જ થવાનું નથી એવી જે શ્રદ્ધા આપણા માનસમાં છે એવી જ શ્રદ્ધા બહારના જોખમોમાં રાખીશું તો સફળતા મળવાની જ છે એ પણ હકિકત છે.

મિત્રો, જિંદગીમાં મોટી સફળતા મેળવવી છે તો જિંદગીને રૂટિન ના બનાવા દો. પરિવર્તન સંસારનો નિયમ છે. જો લાઈફ રૂટિન થઈ ગઈ હોય તો એમાં કંઈક નવું ઉમેરો, કોઈ નવું જોખમ ખેડો, નવું સાહસ કરો, શક્ય છે કે એક નવી દુનિયા મળશે. આપણે નથી જાણતા એવું આ દુનિયામાં ઘણું બધું છે. માત્ર સાહિત્ય, સંગીત, નાટ્ય કે નૃત્ય જ કલા નથી. આ ૨૧મી સદીમાં બીજી અનેક નવી કલાઓ જન્મી છે અને તેના મંચ પણ છે. જેમાં તમે તમારી કલા – ટેલેન્ટ બતાવી શકો છો, અને આર્થિક ઉપાર્જન પણ કરી શકો છો. આવા ભવિષ્યના નિર્માણનું પ્લેટફોર્મ આપણે જાતે જ શોધવું પડશે. અથવા તમારી સામે આવે તો તમારે એને ઓળખવું પડશે.

મિત્રો, આવો, આપણે સૌ સાથે મળીને એક નવા ભવિષ્યનું નિર્માણ કરીએ.

-9426060601.india@gmail.com

૮૩ : આ ફિલ્મ નહીં, ફિલિંગ છે....!!!

રગળપાટ
અજય ઉપાધ્યાય

બી સી સી આઈ – ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઓફ ઈન્ડિયાની ઓફિસમાં ભારતીય ટીમના મેનેજર માનસિંહ ખેલાડીઓની ક્રિકેટ કીટ લેવા જાય છે અને ત્યાં હજાર બોર્ડના કર્મચારીઓ માનસિંહની.. ભારતીય ટીમની અને ખાસ તો નવા કેપ્ટન કપિલદેવની મજાક ઉડાવે છે ત્યારે માનસિંહ કહે છે કે 'અમે જીતીને આવીશું. ' કટ ટુ પ્રેસ કોન્ફરન્સ ઈન ઈંગ્લેન્ડ. પત્રકારના જવાબમાં ભારતીય ટીમનો નવલોહિયો યુવાન કેપ્ટન કપિલ આંખોમાં અજબ ચમક સાથે કહે છે કે ' વી આર હિયર ટુ વિન ' બસ આ જ ચમક, વિશ્વાસ અને મહેનતની વાત છે ફિલ્મ '૮૩' માં. અંગ્રેજીમાં એક બહુ પ્રચલિત શબ્દ છે 'અંડરડોગ'. ફિલ્મ ૮૩ આવી જ અંડરડોગ ગણાયેલી ભારતીય ટીમના ક્રિકેટ વર્લ્ડકપમાં ચેમ્પિયન થવાની વાત છે..!!! વાત બહુ જાણીતી છે અને ટીવી ચેનલો કે વર્તમાનપત્રોના પાને અનેકોવાર કહેવાય ગયેલી છે એમ છતાં પણ આ એક એવી 'અંડર ડોગ' ટીમની વાત છે કે જેને કોઈ સ્પર્ધામાં ગણતું જ નહોતું. અરે બીજાની વાત તો જવા દો પણ એનું ખુદનું ક્રિકેટ બોર્ડ પણ આ જ માનતું હતું. ઈવન ફિલ્મમાં તાજો જ પરણેલો શ્રીકાંત કહે છે એમ 'અમે તો હનીમૂન માટે અમેરિકા જવાનો પ્લાન કરેલો, વિચાર્યું કે વચમાં વર્લ્ડ કપ રમતા જઈએ 'તો અમુક ખેલાડીઓ વર્લ્ડકપની અમુક મેચો રમીને પછી અમેરિકા શોપિંગ કરવા જવાનો પ્લાન બનાવીને આવેલા. આમેય ભારતના ગ્રૂપમાં વર્લ્ડકપની દાવેદાર વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલીયા જવી દિગ્ગજ ટીમો હતી એમાં કોઈ ભારતને કયા ગણવાનું હતું ? ભારતીય ટીમની છાપ એવી હતી કે ક્રિકેટ ઈતિહાસકાર ડેવિડ ફ્રીથે તો વર્લ્ડકપ શરૂ થતાં પહેલા ત્યાં સુધી લખેલું કે ઈન્ડિયા આવી પ્રતિષ્ઠિત ટુર્નામે